

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પૈસાદારો પાસે 'પેરોલ-પ્રેમ' 'વિસ્મય' છે!*
*સજામાં પણ કરી શકે મજા, 'વિસ્યમ' છે!*
*રહસ્યમય નમે ત્રાજવાં ન્યાય દેવીનાં -*
*આંખે પાટા બાંધીને કરે ન્યાય 'વિસ્મય' છે!!*

હાઈકુ

*'ફાંસી' ચૂકાદો !*
*લડે સુપ્રીમ સુધી -*
*ને દયા અર્જી...*
*(ને જિંદગી પૂરી - ન્યાય પંથે)*

*દુષ્કર્મી માટે -*
*બચાવ પગદંડી -*
*થયો 'હાઈવે'*
*(બેકાબૂ-બેફામ-ગુનેગારો)*

### ચિંતન

***જનિતા ચાપનેતા ચ યશ્ચ વિદ્યાં પ્રયચ્છતિ ।***
***અન્નદાતા ભયત્રાયા પંચૈતે પિતરઃ સ્મૃતાઃ ॥***

**ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.**

**ઉત્પન્ન કરનાર, જનોઈ સંસ્કાર કરનાર અને જે વિદ્યા આપે છે તે અન્નદેનાર, ભયમાંથી રક્ષણ કરનાર આ પાંચેય ને પિતા માનવામાં આવે છે.**

**જન્મદાતા એ પિતા છે, જનોઈ-જ્ઞાન સંસ્કાર આપનાર પુરોહિત ગુરુ જેવા જ પિતા છે, શાળા કે પાઠશાળામાં જ્ઞાન આપનાર ગુરુ-શિક્ષક પણ પિતા જેવા જ પવિત્ર છે, અન્નદાતા - નોકરી આપનાર માલિક પણ પિતા સમાન જ છે. ભય-દુઃખ-રોગમાં મદદ કરનાર રક્ષક પણ પિતા સમાન ગણાય છે.**

### સુવિચાર

- તમારામાં શ્રદ્ધા રાખો! તમારી શક્તિઓમાં શ્રદ્ધા રાખો!
  બે વાત વગર તમે સફળ અને સુખી નહીં થઈ શકો - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ પણ ઘટનાને મહત્ત્વ આપતા પહેલાં એટલું જરૂર વિચારો કે :
  'એક વર્ષ પછી આ બાબતનું મહત્ત્વ રહેશે?' - **શિવખેરા**
- સમૃદ્ધિનો કોઈ માર્ગ નથી, સમૃદ્ધિ પોતે જ માર્ગ છે - **બિલ ગેટ્સ**
- ઈશ્વર એક કંપન છે તેની સાથે જોડાવા માટે તમે પણ લયમાં રહો - **પોલોકોએલા**
- તમે ઘટતી ઘટનાને કાબૂમાં ન રાખી શકો, પણ તેના વિશેનું તમારું વલણ ચોક્કસ કાબૂમાં રાખી શકો, તો જ પરિવર્તન કરી શકશો - **બ્રાયન ટ્રેસી**
- દુનિયાના મોટા ભાગના લોકો જાગૃત રીતે નહીં, યાંત્રિક રીતે જીવે છે - **ઓશો**
- આજનું ઔષધ : ડુંગળીનો રસ કાઢી કાનમાં ટીપા નાખવાથી કાનમાં ગયેલું જંતુ બહાર નીકળી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

દયા ઉપજે તો પણ કોઈને ધન કે બીજું દાન એની પાત્રતા જોઈને જ આપવું. એકવાર એક શહેરમાં એક યુવક બજારમાં નીકળ્યો હતો. એને કંઈક ખરીદવાની ઈચ્છા થઈ આવી પણ પૈસા ન હતા. તેના શેતાની મગજમાં એક વિચાર આવ્યો. તેણે તેની ઉંમરના એક દુકાનમાં બેઠા યુવાનને જોયો. યુવકને લાગ્યું કે આ દુકાનના શેઠને ભોળવી લઉં તો કંઈક કરીદી કરી શકાશે. તેણે જાળ બિછાવવા શેઠને કહ્યું, 'હું આ શહેરમાં અજાણ્યો છું, મારી ઓળખાણનું કોઈ નથી. હું તમને મારો મિત્ર બનાવવા ઈચ્છું છું. શું તમે મારા મિત્ર બનશો ?' શેઠે કહ્યું, 'તમે મને મિત્ર તરીકે બોલાવ્યો છે તેથી હું પણ તમને મિત્ર તરીકે સ્વીકારું છું. 'પેલો ઠગ યુવક ખુશ થઈ ગયો કે મારો પહેલો દાવ તો સફળ થયો. તેણે કહ્યું, 'મિત્રતાની સૌથી મોટી કસોટી એ છે કે એકબીજાનો સહયોગ. આજે હું ખૂબ મુશ્કેલીમાં છું, ઘરેથી બજારમાં આવ્યા પછી મને ખબર પડી કે મારું પાકિટ હું ઘરે ભૂલી આવ્યો છું. જો તમે મને ૧૦૦ રૂપિયા ઉધાર આપી શકો તો આપનો આભાર.' શેઠ યુવાન પેલા અજાણ્યા યુવાનની મિત્રતાના રહસ્યને સમજી ગયો. તેણે ચતુરાઈપૂર્વક કહ્યું, 'તે મને મિત્ર કહ્યો છે એટલે હું તને એક સલાહ આપું છું કે ભૂલવાની આદત સારી ન કહેવાય,જેટલું બને તેટલું જલ્દી તેમાં સુધારો લાવ. હું તને આ પાંચ રૂપિયા આપું છું તું બસ પકડીને ઘરે જા અને પર્સ લઈ આવ.' મિત્રતાની ફસામણીમાં આવીને જો એમણે ૧૦૦ રૂપિયા આપી દીધા હોત તો ઠગાઈ ગયો હોત. તેથી જ કહેવાયું છે કે લોકોની લાચાકી ને સમજીને સાવચેત રહેવું.

# બિહારની ચૂંટણીનાં બદલાતાં સમીકરણો

**તંત્રીસ્થાનેથી...**

જયપ્રકાશ નારાયણના પ્રચંડ પ્રભાવ હેઠળ જે કેટલાક નવલોહિયા યુવાનો એમની શૈક્ષણિક અને વ્યવસાયિક કારકિર્દીથી ફંટાઈ ફુલટાઈમ રાજકારણીઓ બની ગયેલા એમાં બિહારની ત્રિપુટી સૌથી વધારે જાણીતી બની અને સૌથી લાંબો વખત રાજકારણમાં ટકી. રામવિલાસ પાસવાનને દલિત જાતિના હોવાનો મોટો લાભ જરૂર મળ્યો પરંતુ એ જ મુદ્દો એમને 'માસ લીડર' બનવામાં સતત નડતો રહ્યો. લાલુપ્રસાદ યાદવ અને નીતીશકુમાર એ જ ત્રિપુટી પૈકીના નેતાઓ છે, જેમને પ્રજાએ પોંખ્યા અને આજે જેલમાં બેઠાં બેઠાં લાલુપ્રસાદ યાદવ રિમોટ કંટ્રોલથી બિહારના સૌથી લોકપ્રિય નેતા તરીકે કોંગ્રેસ જેવી જૂની રાજકીય પાર્ટીને એમના નવા સવા દીકરા તેજસ્વી યાદવના આદેશ મુજબ ગઠબંધન કરવા મજબૂર કરી શકે છે. રામવિલાસ પાસવાનનું એવું વજન કે વજૂદ નહોતું પરંતુ દલિત નેતા તરીકે એ બિહારમાં સર્વમાન્ય હતા બલકે કેન્દ્રની કોઈ પણ સરકારમાં એમને કેબિનેટ મંત્રીનું પદ મળતું રહ્યું હતું. એમને આખી રાજકીય કારકિર્દી અઠંગ સોદાબાજી પૂર્વક જ પૂરી કરી. આવનારી ચૂંટણીમાં કોના પલ્લામાં પોતાનું વજન મૂકવું એનું આગોતરું આકલન કરીનો એ બિહારના રાજકારણને પોતાને અનુકૂળ એવા ચોકઠામાં ઢાળી શકતા હતા. કેન્દ્રમાં બે મુખ્ય ગઠબંધનો વચ્ચે આવનજાવન કરતાં કે બિહારના મુખ્ય રાજકીય પક્ષો સાથે સોદાબાજી કરતાં એમને કોઈ શેહશરમ નડતી નહોતી. એ જેટલી આસાયેશથી મનમોહનસિંહ સરકારના ઘડવૈયા અનો યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધીને મળી શકતા હતા એટલી જ સરળતાથી વાજપેયી, અડવાણી અને છેલ્લે નરેન્દ્ર મોદી સાથે પણ ચોકઠું બેસાડી શકતા હતા. અંતિમ વર્ષો દરમિયાન એક નેતા તરીકે બિહારમાં જે એમનો પ્રભાવ ઝાંખો પડી ગયો હતો, નહીંતર ૧૯૭૭ની ઐતિહાસિક ચૂંટણીમાં હાજીપુર બેઠક પર ચાર લાખ કરતાં વધારે મતોની સરસાઈથી જીતીને એમને વિશ્વવિક્રમ બનાવ્યો હતો. બિહારમાં દલિત અને મહાદલિત વચ્ચે મનમુટાવ કરાવી નીતીશકુમારે મુસહર જાતિના જીતનરામ માંઝીને વખત પૂરતું મુખ્યમંત્રી પદ સોંપી રામવિલાસ પાસવાનની સામે દલિત સમાજમાં જ એક હરીફ ઊભો કરી દીધો તે પછી એમનાં વળતાં પાણી થયાં ગયાં જે અંતે એમની વિદાયમાં પરિણમ્યાં. એમની ગંભીર બિમારી છતાં નીતીશકુમારે એક ફોન પણ નહોતો કર્યો એથી વ્યથિત થયેલા એમના રાજકીય વારસ અને સાંસદ પુત્ર ચિરાગ પાસવાને મોદીને સમર્થન અને નીતીશને જાકારો આપવાની નવી રાજનીતિ શરૂ કરી છે જેને ખુદ ભારતીય જનતા પાર્ટીએ નકારી કાઢેલ છે. પરંતુ હવે પાસવાનના મૃત્યુ પછી દલિત સમાજ સહાનુભૂતિપૂર્વક ચિરાગ પાસવાનને કદાચ ઊંચકે પણ ખરો. જો એમ થાય તો નીતીશની બાજી બગડવાની પૂરી સંભાવના છે. ચિરાગ અપરિપક્વ યુવા નેતા છે અને બાપની મૂડી પર રાજકારણ ખેલવા ઉત્સુક છે. રામવિલાસ પાસવાન કંઈ બાબુ જગજીવનરામની કક્ષાના કે માયાવતીની કક્ષાના રાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત થયેલા દલિત નેતા નહોતા, પરંતુ એમને પોતાની આગવી પાર્ટી - લોકજનશક્તિ પાર્ટીની માન્યતા મળે એટલા માટે બિહારની બહાર, દિલ્હી, પંજાબ, રાજસ્થાન કે ગુજરાતમાં પણ વારંવાર પોતાના ઉમેદવાર મૂકેલા છે. પાસવાનના અવસાન પછી લાલુ પુત્ર તેજસ્વીની જેમ દલિત નેતૃત્વની બીજી પેઢી બિહારમાં રાજકારણ ખેલશે. નીતીશ માટે એ કેટલો ખતરો પેદા કરી શકશે એ તો પરિણામો જ બતાવશે.

## હમે તો અપનોને લૂટાં, ગૈરો મેં કહા દમ થા, હમારી કશ્તી ડૂબી વહા, જહા પાની કમ થા..



### વિચારયાત્રા

ડાયલોગથી દેવભાષા

**હમે તો અપનોને લૂટાં, ગૈરો મેં કહા દમ થા, હમારી કશ્તી ડૂબી વહા, જહા પાની કમ થા..**

**- દિલવાલે**

૧૯૯૪માં હેરી બાવેજા દિગ્દર્શિત અને અજય દેવગન, સિનિલ શેટ્ટી, રવિના ટંડન અભિનીત 'દિલવાલે' ફિલ્મ ખૂબ મોટી મ્યૂઝિકલ હીટ સાબિત થઈ હતી. અજય દેવગણ અને સુનિલ શેટ્ટી બંને આ ફિલ્મમાં શાયરીના અંદાજમાં અનેક સંવાદ બોલે છે. કરણ રાઝદાને આ ફિલ્મની પટકથા લખી હતી. રવિના ટંડન પહેલાં આ ફિલ્મમાં અભિનેત્રી તરીકેની પ્રથમ પસંદ દિવ્યા ભારતી હતી. પરંતુ અકાળે તેનું મૃત્યુ થતા આ ફિલ્મ રવિના ટંડનને ભાગે આવી, જે સુપર હીટ સાબિત થઈ.

ફિલ્મમાં પ્રેમમાં પાગલ થયેલા અરુણ(અજય દેવગન)નું પાત્ર દર્શકોને ખૂબ રડાવી ગયું હતું. ગેરસમજના કારણે હૃદયભગ્ન અજય દેવગન ઉપરોક્ત શાયરી બોલે છે. અને આમ જોવા જઈએ તો વાસ્તવમાં આપણી પથારી ફેરવનારા એ જ લોકો હોય છે જે જાણત હોય છે કે આપણી પથારી ક્યા છે. એટલે કે આપણા હિતેચ્છુઓ જ આપણા છૂપા શત્રુઓ હોય છે. અને આવા અમીચંદો સમયે સમયે પાકે જ રાખતા હોય છે.

હવે ૧૨મી સદીમાં કલ્હણ રચિત 'રાજતરંગીણિ' રાજાઓનો ઈતિહાસ દર્શાવતી ગાથા છે. જેને જોનરાજ નામક સંસ્કૃત વિદ્વાને આ પરંપરાને આગળ ધપાવતા આ ગ્રંથમાં આગળ સંપાદન કર્યુ. જેમા નીચે દર્શાવેલો એક શ્લોક આવે છે.

**શ્યેનો હન્તિ પતત્રિણો મૃગપતોર્નિષ્પાતયિષ્ણુર્મૃગાન, ભિદ્યન્તે મણયોડપિ વજ્રમણિના ખાતા ખનિત્રૈર્મહિ ।**
**પુષ્પાણીવ ન્જભસ્વતા ગ્રહગણાઃ સૂર્યેણ નિર્ધૂનિતાઃ, પ્રાયેણાત્ર વિલોક્યતે પરિભવત્રાસઃ સજાતીયતઃ ॥**

**- જોનરાજ (રાજતરઙ્ગિણી)**

બાજ પક્ષીઓને મારે છે, મૃગપતિ(સિંહ) મૃગો(હરણ)ને મારે છે, મણિઓ પણ હીરાઓ દ્વારા તોડવામાં આવે છે. કોદાળીથી જમઈન ખોદવામાં આવે છે. વાયુ દ્વારા પુષ્પોની સમાન સૂર્ય દ્વારા નિસ્તેજ કરી દેવામાં આવે છે. આ સંસારમાં જોવા મળ્યું છે કે, પોતાની જાતવાળા વ્યક્તિ/પ્રાણી દ્વારા જ અપમાનનો કે વિશ્વાસઘાતનો ભય રહેતો હોય છે.

આ કડવું સત્ય દરેકે દરેક યુગમાં આપણને જોવા મળે છે.

jayuoza@gmail.com, , Mo.9898046488

## ડૉ. કેશુભાઈ દેસાઈના પાંચ નવા પુસ્તકો પ્રકાશિત થશે



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● ગાંધીનગરને એક આગવી ઓળખ આપનાર અને ગાંધીનગરના એક ખૂબ જાણીતા એવા, મૂર્ધન્ય સાહિત્યકાર - નવલકથાકાર અને વાર્તાકાર, ડૉ. કેશુભાઈ દેસાઈ (સેક્ટર-૨૦)નાં પાંચ પુસ્તકો, ટૂંકમાં જ, એકાદ-બે અઠવાડિયામાં પ્રકાશિત થઈ રહ્યાં છે. જેમાં વાર્તાસંગ્રહ-૩ (૧) યત્ર નાર્યસ્તુ....(૨) પૂર્વજ (૩) ગોબર જીવાની સજ્જા નો સમાવેશ થાય છે,જેના પ્રકાશક,- ફ્લેમિંગો પબ્લિકેશન્સ, અમદાવાદ છે. જ્યારે નવલકથાઓ-૨ ,જેમાં (૧) કેર ટેકર, જે મજબૂર સ્ત્રીના માતૃત્વ અને પ્રણયની શાશ્વત કથા છે, જેના પ્રકાશક આર. આર.શેઠની કં. છે. (૨) કોરોના કાંડ,જે કોરોના કેર સંબંધિત નવલકથા છે, જેના પ્રકાશક ગુર્જર ગ્રંથ કાર્યાલય છે

ડૉ. કેશુભાઈ દ્વારા ૧૨૫ થી વધુ પુસ્તકો બહાર પાડવામાં આવ્યાં છે, જેમાં નવલકથાઓ- ૩૦ ,લઘુ વાર્તાસંગ્રહ-૬ , વાર્તા સંગ્રહ-૧૦ અને નિબંધ, પ્રવાસ વર્ણન, ચરિત્ર વર્ણન તથા અન્ય સાહિત્યક્ષેત્રમાં કરેલા ખેડાણનાં પુસ્તકોનો સમાવેશ થાય છે.તેમનાં ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ અનુવાદિત થયેલ છે, જેમાં મરાઠીમાં-૧૨, હિન્દીમાં-૧૩, પંજાબીમાં-૩, તમિલમાં-૨, રાજસ્થાનીમાં-૩, કન્નડમાં-૨ અને અંગ્રેજીમાં-૨ અનુવાદિત પુસ્તકોનો સમાવેશ થાય છે. ગાંધીનગરની શાન સમા ડૉ.કેશુભાઈ દેસાઈને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com
(M)9824236893

# "સર્વકાળે સાંપ્રત અને પ્રાસંગિક ગાંધી વિચાર"



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ભાવનગર રાજ્યના કુશળ દીવાન પ્રભાશંકર પટ્ટણી પોતાની પ્રતિભાને કારણે અનેક દિગ્ગજ લોકો સાથે સંપર્ક ધરાવે છે. તેઓ એક દિવસ એક અજાણ્યા મુલાકાતીને લઈ દક્ષિણામૂર્તિની મુલાકાતે આવે છે. નાનાભાઈ સર પટ્ટણી સાથે આવેલા મુલાકાતીનું Pen Picture દોરે છે :

" પોશાકમાં સારું જાડું ધોતિયું, નીચે ઉઘાડા પગ, કેડ પર સૂતરનો કંદોરો, કસવાળું કડિયું અને માથે કાઠિયાવાડી ઢબે બાંધેલો ફેંટો" નાનાભાઈને ઓળખતા વાર ન લાગીકે સર પટ્ટણી જેને મુલાકાત માટે લાવ્યા છે તે દક્ષિણ દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં નવચેતનાનો સંચાર કરનારા 'ગાંધીભાઈ' હતા. દક્ષિણામૂર્તિની મુલાકાતે આવેલા આ મહેમાને શાળાના પુસ્તકાલય સાથે વિદ્યાર્થીઓને કસરત કરવાનું સ્થળ તેમજ શાળાના toilets પણ એટલાજ રસથી જોયા. બધું શાંતિથી જોયા પછી સહેજ કોડું ધૂણાવે છે. જાણે કે નાનાભાઈના આ યજ્ઞકાર્યને પોતાની મૂક સંમતિ અને પ્રોત્સાહન પૂરા પાડે છે. નાનાભાઈ આ ઝીણી નજરવાળા ગાંધીની તાવણીમાંથી સફળતાપૂર્વક ખરાં ઉતરે છે. મુલાકાત પૂરી થતાં સહેજ થોભીને નાનાભાઈને ગાંધીજી ધીમેથી કહે છે : "કોઈવાર અમદાવાદ આવો ત્યારે મળજો. " થોડી મીનીટોમાં આ દ્રષ્ટિસંપન્ન મહાત્માને સમજાય છે કે પોતાના શિક્ષણ અંગેના વિચારો કે પ્રયોગોને દિશા આપવા માટે નાનાભાઈ ભટ્ટ એજ ઉત્તમ તથા અસરકારક માધ્યમ છે. નાનાભાઈ નોંધે છે કે સંસ્થાના આ મહેમાનની ચાલવાની ઢબ, આંખની ચકોરતા, બધું જોવાની ઉત્કંઠા તથા શબ્દોની મીઠાશ એ બધાં મન પર ઊંડી અસર કરી જાય તેવા હતા.આ દિવસે સર પટ્ટણીની દીઘર્દ્રષ્ટિને કારણે ગાંધીને એક મજબૂત શાગિર્દ મળી ગયા અને નાનાભાઈને એક આગવા તેમજ અનોખા ઉસ્તાદ મળી ગયા.

કેટકેટલા લોકો "ગાંધી નામની ઘટના" ના સંપર્ક – પરિચયમાં આવ્યા હશે ? આ બધાના કેવા અનુભવો – લાગણીઓ હશે તે જાણવું અને માણવું ગમે તેવા છે. ગાંધીજીના એક અનુયાઈ ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ (વડોદરા) એ ખંત તેમજ મહેનતથી ગાંધી સાથેના આવા અનેકવિધ લોકોની મુલાકાતોના પ્રસંગો જે તે લોકોની પાસેથી મેળવીને સંપાદિત કર્યા છે. જે નાના પુસ્તક સ્વરૂપે છે. ('ગાંધીજીના સમાગમમાં' પ્રકાશક : અક્ષરભારતી પ્રકાશન ભૂજ. પુનમુર્દ્રણ : ૨૦૧૬) સરદાર સાહેબે આ પુસ્તકના પ્રસાદીરૂપ પ્રસંગો કાળજીથી મેળવીને સંપાદન કરવા માટે ચંદ્રશંકર શુકલને મુબારકબાદી આપી છે. (૧૯૪૫)


ગાંધીજીના અમદાવાદ સાથેના અનેકવિધ સંપર્કોના અનેક પ્રસંગો છે. કોચરબના સત્યાગ્રહ આશ્રમમાં પણ અનેક લોકો ગાંધીજીને મળવા આવતા હતા તે સમય દરમિયાન કેટલાક શિક્ષિત લોકો જે પોતાને સામાન્ય જનતાથી 'વિશેષ' સમજતા હતા અને ભાષા તથા પોશાક જેવા બહારના માધ્યમોથી તે પુરવાર કરવાના પ્રયત્નમાં પણ રહેતા હતા. તેવા લોકો પણ ગાંધીને મળવા આવતા હતા. આવી એક મુલાકાતનો પ્રસંગ તે સમયના અમદાવાદના અગ્રણી ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈએ લખ્યો છે. તેઓ લખે છે કે એમ.એ. તથા એલ.એલ.બી. થયેલા અને શૂટબૂટમાં સજ્જ થયેલા એક ભાઈ ગાંધીજીને મળવા આવ્યા. ગાંધીને કહે છે : "મારા માટે મારે લાયક કોઈ કામ બતાવો" આ શબ્દોમાં "મારેલાયક"નું એક ખાસ મહત્વ હતું, પરંતુ આફ્રિકાથી અમદાવાદ આવેલા આ સફળ બેરિસ્ટરને દરેક નાનું કે મોટું કામ એ 'લાયક' જ ગણાતું. ગાંધીજી તે સમયે કોચરબ આશ્રમમાં બેસી ઘઉં વીણતા હતા. ગાંધીના મતે તે ક્ષણનું મહત્વનું કામ આજ હતું. પોતે પણ તેજ કરતા હતા. આથી આ શિક્ષિત મુલાકાતીને કહે છે : "આવો,આ ઘઉં વીણો " એક તો થ્રી પીસ શૂટ પહેરેલા એ સજ્જનને ભોંય પર બેસવામાંજ મુશ્કેલી થઈ. જેમ તેમ કરીને બેઠા. ગાંધીજીને ના તો કેમ કહેવાય ? ઘઉં વીણતા એકાદ કલાક થયો પણ બાપુ તો કામ પૂરું થયા સિવાય છોડે નહિ. મુલાકાતી પરસેવે રેબઝેબ થઈ ગયા પછી તેઓ થાકી - કંટાળીને ઊઠ્યાં અને પોતાને લાયક નહોતા ગણતા તેવું કામ અધવચ્ચેથી છોડી ગાંધીજીને કહે : "સાહેબ, હવે હું રજા લઉં છું" ગાંધી એટલીજ સ્વસ્થતા અને સહજતાથી કહે છે : " ભલે, પધારો" પેલા ભાઈ મંદિરે ગયા, દેવના દર્શન પણ કર્યા પરંતુ દેવને ઓળખ્યા કે પામ્યા નહિ.


સાંજે પ્રાર્થના સભામાં ગાંધી આ મુલાકાતીના અનુભવને સંદર્ભે કહે છે : " હું એ ભાઈનો દોષ કાઢતો નથી. આજના શિક્ષણે આપણને બધાને હાથ કામની મહત્તા સ્વીકારતા અટકાવ્યા છે. હા, હું કોઈ રાજકીય મંડળ શરૂ કરો તો તેમાં તેઓ હોદ્દો મેળવવા ઉત્સુક હોય ખરાં.. બીજા પણ ઘણાં આવા કામમાં જોડાય.. હું બહુ નાનો માણસ છું." દેશની તે સમયની સ્થિતિનું આ નિદાન વિચાર કરીએ તો આજે પણ કદાચ એટલુંજ પ્રસ્તુત છે.

૧૯૨૧ની સાલનો મુંબઈનો પ્રસંગ જાણીતા લેખક - લોકસાહિત્યના ઉપાસક ગોકુળદાસ રાયચુરાએ લખ્યો છે. તિલક સ્વરાજ્ય ફાળો એકઠો કરવાનો એક કાર્યક્રમ હતો. જાણીતા એમ્પાયર થિયેટરમાં ગાંધીજી તથા અસંખ્ય શ્રોતાજનોની હાજરીમાં રાયચુરાએ ગાંધી પ્રશસ્તીનું પોતાનું લોકપ્રિય થયેલું કાવ્ય બુલંદ કંઠે લલકાર્યું. ગાંધીને આ કાવ્યમાં સાચા સાધુ તથા પયગંબર સાથે સરખાવ્યા હતા. ગીતની પંક્તિઓ સાંભળતાજ આખું થિયેટર ધમધમી ઊઠ્યું. તાળીઓનો બુલંદ ગડગડાટ અને ગાંધીનો જયઘોષ થયા. આ પ્રક્રિયા દરમિયાન સ્થિર થઈને બેઠેલા ગાંધીએ પોતાનો બોલવાનો ક્રમ આવતા પ્રવચનમાં કહ્યું :

" તમે સૌ લોકોએ મારો જયનાદ કર્યો. હું કહેવા માગું છું કે કોઈ માણસની હયાતીમાં તેના ગુણગાન આ રીતે કરવા તેના જેવી બીજી ભૂલ કોઈ નથી.જે માણસનો તમે આજે જયનાદ કર્યો તે આવતીકાલે કેવો રહેશે તેની કોને ખબર ? એ બદલાય તો જયનાદ કરનારાઓએ શરમાવાનો વખત આવે." શાશ્વત ગાંધીવિચારની આ કડી આજે પણ પકડવા જેવી – સમજવા જેવી નથી ?

# ગાંધીની દૃષ્ટિએ દારૂબંધી અને શિક્ષણનું મહત્ત્વ





### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધી દારૂબંધીના તો પુષ્કળ હિમાયતી હતા. દાંડીકૂચમાં મહિલાઓને જોડી ન હતી પરંતુ, મહિલાઓને તેમણે દારૂબંધીનું કામ પિકેટીંગ સાથે કરવા જોડી દીધા હતા એ જાણીતું છે. ગાંધીના દારૂના દુષણને નાથવાના સજ્જડ પ્રયાસોના આપણે સાક્ષી છીએ. ભારતને જ્યારે પૂર્ણ સ્વરાજ ન હતું મળ્યું અને પ્રાંતિક સરકારો હતી તે સમયે એટલેકે ૧૯૩૭માં ગાંધીજીએ એવો ઉલ્લેખ કર્યો હતો કે સંપૂર્ણ દારુબંધીથી પ્રાંતિક સરકારોને જો મહેસૂલી આવકમાં બહુ મોટી ખાધ આવે છે કે આ સરકારો પોતાના અંદાજપત્રના બે પાસાં પર સરભર ન કરી શકે. તેમ છતાં મહેસૂલી આવક મેળવવા માટે થઈને દારૂબંધી હટાવવાની વાત તેમને કરી ન હતી. ગાંધીજી દારૂબંધી હટાવવાના દુષ્પરિણામો ખૂબ સારી રીતે જાણતા હતાં. દારૂબંધી દૂર કરવાની તો એ વાત કરે જ નહીં એ સ્પષ્ટ છે. પરંતુ ગાંધી દારૂબંધીનું જરા જુદી રીતે દૃષ્ટાંત આપીને સરજ મજાની વાત કરે છે. એ આપણે કેળવણીના સંદર્ભમાં સમજવા જેવી છે.

**મહેસૂલી આળકની મોટી ખાધ આવે તો પણ દારૂબંધી અને શિક્ષણ માટે સરકારે જોગવાઈ કરવી ઘટે માટે**

ગાંધીજી લખે છે, પ્રાંતિક સરકારોને દારૂબંધીના કારણે જ મોટી મહેસૂલી ખોટ આવે છે અને અંદાજપત્રની આવક - જાવકના આંકડામાં 'ખાધ' વધુ દેખાય છે તો એના માટે મધ્યસ્થ સરકાર પાસે બધી એકત્રિત માગણી કરવી જોઈએ અને જો એ માગણી મધ્યસ્થ સરકાર ના સ્વીકારે તો તેવા ઉચ્ચ હેતુસર સરકાર સાથે મડાગાંઠે ઊભી કરવી પડે તે કરવી, એમાં કશું ખોટું નથી. હવે જે દારૂબંધીને માટે આવું દબાણ લાવી શકાય, તે સાર્વત્રિક કેળવણી જેવી વસ્તુ, કે જે દારૂબંધી જેવી જ અગત્યની છે, તેના હિતમાં પણ એવું દબાણ જરૂર લાવી શકાય. બધી રીતે જોતાં ગાંધીજીની યોજના સિદ્ધાંતની રીતે સંપૂર્ણ છે; હવે તે પ્રાંતિક સરકારોએ તેને વ્યવહાર રીતે અમલી બનાવવા માટે બનતું બધું કરી છૂટવું જોઈએ. જોકે, સૈદ્ધાંતિક રીતે જેટલું શક્ય મનાય, અને વ્યવહાર રીતે જેટલું શક્ય હોય, તે બે વચ્ચે અવશ્ય કંઈક અંતર તે રહેવાનું જ. પરંતુ આ અપૂર્ણ જગતમાં તેને ઉપાય નથી. અને આ યોજનાનો અખતરો કરી જોવા જેવો છે એ તે નકકી છે. પ્રજાઓ અને વ્યકિતઓ અખતરાઓ વડે અને જરૂર પડશે નિષ્ફળતાઓ વડે જ કાંઈક શીખી શકે છે. બોલ્શેવિક રશિયાએ છેલ્લા બે દાયકામાં કેટલી બધી યોજનાઓનો અખતરો કરી જે છે, તથા તેમને સ્વીકારી છે અથવા ફગાવી દીધી છે ! તે પછી ઔદ્યોગિક, આર્થિક, અને કેળવણીની દૃષ્ટિએ આવી ઉજ્જવળ શક્યતાઓ દર્શાવતી આ યોજનાને આપણે આ માટે અખતરે ન કરી જે જોઈએ? આવો સવાલ આચાર્ય કૃપાલાણી પૂછે છે.

આપણે કેળવણીના એક આવશ્યક અંગ તરીકે પ્રવૃત્તિ અને ઉદ્યોગકામની હિમાયત કરનારા કેટલાક ફિલ અને કેળવણીના સુધારકોના અભિપ્રાય ટૂંકમાં જણાવી ગયા છીએ. તેઓએ એ સિદ્ધાંતોની હિમાયત મુખ્યત્વે સામાજિક અને કેળવણી વિષયક દૃષ્ટિબિંદુથી કરી હતી. ગાંધીજીએ જે રીતે ઉદ્યોગકામમાં રહેલી શક્યતાઓનું દર્શન કર્યું છે, તેટલી સ્પષ્ટતાથી તેમાંના બહુ થાડાએ કર્યું હશે. ગાંધીજીએ ઉદ્યોગકામનું જે નિરૂપણ કર્યું છે તે ઘણું સ્પષ્ટ તથા નીડરપણે કરેલું છે, અને તેમની અગાઉના દ્રષ્ટાઓએ કરેલા દર્શન કરતાં ઘણું આગળ જાય છે. તેથી કરીને હવે આ તબક્કે એ નવી યોજનામાં સમાઈ રહેલા બધા મુદ્દા પૂરી રીતે સમજી લેવા એ જરૂરી છે. ગાંધીજી જે રીતનાં પગથિયાં માંડે છે તેમને ટૂંકમાં અહીં રજૂ કરી જવાથી, બીજાઓએ જેની હિમાયત કરી છે તથા જેને પ્રયત્ન કરી જોયો છે, તેની સરખામણીમાં ગાંધીજીની જન્મ વધુ સ્પષ્ટ રીતે જુદી તરી આવશે. ગાંધીજી ઉપર આધુનિક જમાનામાં યુરોપ અમેરિકાની કેળવણી સુધારની હિલચાલે તથા તેમને પુરસ્કર્તાઓની કશી અસર નથી, એ મુદ્દા ઉપર અહીં ભાર મૂકવાની કંઈ જરૂર નથી. ગાંધીજીએ એટલી બધી દિશાઓમાં સુધારા શરૂ કર્યા છે, અને પોતાના સુધારા માટે એવી તો નવીન તથા કાંતિકારી પદ્ધતિઓની હિમાયત કરી છે કે, આ એક ખાસ ક્ષેત્રની બાબતમાં તેમની મૌલિક્તા ઉપર આપણે ભાર નહીં મૂકીએ, તો તેથી કંઈ તેમની મહત્તામાં કે પ્રતિભામાં જીપ આવી જવાની નથી.